
No Pages to Display

બાલવિનોદ ગ્રંથાવલિ ☆ પુસ્તક પહેલું

# હાથીનું નાક



: લેખક :

નાગરદાસ ઇ. પટેલ

: ચિત્રકાર :


જગમોહન મીસ્ત્રી

☆

૫૦ નયા પૈસા

બાલવિનોદ કાર્યાલય : ૧૪૯ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઇ ૨

આવૃત્તિ પહેલી : '૩૭ બીજી : '૪૫ ત્રીજી : '૪૮ ચોથી : '૫૮ પાંચમી : '૬૨
છઠ્ઠી : '૬૭



ચિ. અરવિંદ તથા રત્નપ્રભાને

હાથીનું નાક : ૩ ઉંદરોની મહાસભા : ૧૭ વરસની વહેંચણી : ૨૫

: મુદ્રક :
રામદાસ ઈ. પટેલ
રજની પ્રિન્ટરી
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ

: પ્રકાશક :
નાગરદાસ ઈ. પટેલ
બાલવિનોદ કાર્યાલય
૧૪૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ



# હાથીનું નાક

☆

બહુ જૂના જમાનાની વાત છે. એ વાત મને મારા દાદાએ કરેલી. મારા દાદાને તેમના દાદાએ કરેલી. એવી જૂની વાત છે.

એ વાત જે વખતે બની તે વખતે આ ધરતી ઉપર બધાં જાનવર સંપીને રહેતાં.

એક એક જાનવર, વાઘ, સિંહ, હાથી, વરૂ, સાપ, શિયાળ બધાંયે કૂણું કૂણું ઘાસ ખાતા: સંપીને રહેતાં અને આનંદ કરતાં.



આજે આપણે જોઈએ છીએ તેવી તે વખતે હાથીને સૂંઢ ન હતી પણ એને ઠેકાણે પોપટની ચાંચ જેવું મઝાનું નમણું નાક હતું અને સાપને ચાર સુંદર પગ હતા. ચારે પગે એ બહુજ ઝડપથી ચાલી શકતો.

એક દહાડો વાતમાં ને વાતમાં હાથીએ ગોળો ગબડાવ્યો કે દુનિયામાં મીઠામાં મીઠો ખોરાક શું હોઈ શકે. હાથીભાઈના એ સવાલથી ચારે બાજુ ખૂબ ચર્ચા થવા માંડી. દરેક જણ જુદા જુદા જવાબ આપવા લાગ્યું.

એવામાં સાપ બોલી ઊઠ્યો : 'મારા મત મુજબ હાથીનું લોહી ભારે મીઠું હોય છે.'


સાપની વાત ઉપર અનેક વાંધા રજૂ થયા. એ બધાનો મુદ્દો એમ હતો કે દુનિયા પર જાત જાતનાં અને ભાત



ભાતનાં પ્રાણીઓ વસે છે અને એ દરેકના લોહીનો સ્વાદ જુદો જુદો હોય છે.

મામલો રસાકસી પર ચઢ્યો અને સાપે પોતાનો મિજાજ ગુમાવી દીધો. એણે પોતાની વાત ખરી છે એમ સાબીત કરી આપવાનું બીડું ઊઠાવ્યું. પણ એ પુરવાર શી રીતે કરવું તે વાતનો વાંધો પડ્યો.

એ વાતનો નિકાલ કરવાનું હેવચકલીએ માથે લીધું અને બોલી: ‘આજ સુધી કોઈએ એ રીતે જનાવરોનું લોહી ચાખ્યું નથી અને




ચાખ્યા વિના ખરાખોટાની પરીક્ષા થઈ શકે એમ નથી.'

દેવચકલીની એ વાત સાંભળી હાથીએ લોહીની પરીક્ષા કરવામાં કેવી કેવી મુશ્કેલી નડે છે તે વાત રજૂ કરી અને ઉમેર્યું: 'બધાં પ્રાણી એવી રીતે પોતાનું લોહી ચાખવા દે એ બનવાજોગ નથી.'

દેવચકલીએ જરા વાર વિચાર કરીને એ વાતનો તોડ કાઢ્યો. એણે સૂચના કરી:

'આપણે એ કામ મચ્છરને સોંપીએ. આપણા તરફથી એ દરેક પ્રાણી પાસે જાય અને એના શરીરમાંથી જરા જેટલું લોહી લે. આ રીતે બધાં પ્રાણીઓનું લોહી ચાખીને સૌથી વધારે મીઠું લોહી કોનું છે તે બાબતનો એ પોતાનો અભિપ્રાય આપે. એક વરસ ને એક દિવસની એને મુદ્દત આપીએ. ત્યાં સુધીમાં એણે પોતાનું કામ પતાવવું.'

'હું ચકલીની વાત બરાબર છે. મારા ચારે પગના સોગાન ખાઈને કહું છું કે મારા કહેવા પ્રમાણે જ મચ્છર પોતાનો અભિપ્રાય આપશે.' સાપે કહ્યું.




'મારા સુંદર નાકના સોગન લઈને કહું છું: મચ્છરનો અભિપ્રાય સાપ-ની વિરુદ્ધ આવશે.' હાથી બોલ્યો.

હાથીનું લોહી મીઠું છે એવું સાપે કહ્યું તેથી હાથીને ઘણું ખોટું લાગ્યું હતું.

'હરકત નહિ.' સાપ બોલ્યો. 'વરસ આખરે જો તમે હારી જાવ તો તમારે તમારૂં નાક ગુમાવવું અને હું હારી જાઉં તો મારે મારા પગ ગુમાવવા. જનાવરોની મહાસભાને આ વાતનો નિકાલ સોંપીશું.'

'કબૂલ છે! કબૂલ છે!' હાથીએ મોટેથી કહ્યું. મારા નાક સાટે એ વાત કબૂલ છે.

હવે ચકલીએ મચ્છરને સઘળી વાત કરી અને એને પ્રાણીઓનું લોહી ચાખવાનું અને કોનું લોહી વધારે મીઠું છે તે એક વરસમાં



નક્કી કરીને કહેવાનું કામ સોંપ્યું. મચ્છરે એ કામ કરવાનું કબૂલ કર્યું વખતને જતાં વાર લાગતી

નથી. વરસ થઈ ગયું, ઉપર એક દહાડો પણ થયો. જનાવરોની મહાસભા મળી.

સિંહે પ્રમુખસ્થાન લીધું. એની બાજુમાં શિયાળ બેઠું. ચારે બાજુ બધા દરબારીઓ, વાઘ, વરૂ, રીંછ, જીરાફ, સાપ, લોંકડી, હાથી, ઘોડો, પાડો, સસલો વગેરે બેઠાં. આ સવાલે ભારે ચર્ચા ઉપાડી હતી એટલે ગરૂડ, હંસ, કપોત, ખંજન, ચાતક, સમડી, બાજ, કાકાકૌવા વગેરે પક્ષીઓને રસ પડતો હોવાથી સભામાં આવ્યાં હતાં.

ચકલીને સાપ જોડે સારો બનાવ ન હતો. સાપ હારી જાય તો મઝા પડે એવું એના મનમાં હતું. એ મચ્છરને તેડવા ગઈ.




જાતજાતનાં પ્રાણીઓનું લોહી ચાખીને મચ્છર એટલો

બધો મસ્ત થઈ ગયો હતો કે એની યાદ શક્તિ પણ ઓછી થઈ ગઈ હતી. પોતાને સોંપેલું કામ કરવા છતાં એને યાદ રહ્યું ન હતું.

વરસ થઈ ગયું તે એ ભૂલી ગયો હતો. દેવચકલીએ એને બધું સંભારી આપ્યું ત્યારે એને યાદ આવ્યું. દેવચકલીએ એને પૂછ્યું: 'બધાં જનાવરોમાં તને કોનું લોહી વધારે મીઠું લાગ્યું?'

મચ્છરે જવાબ દીધો: 'હાથીનું.'

ખરું પૂછે તો શો જવાબ આપવો તેની મચ્છરને સમજ પડી નહિ. કોનું લોહી વધારે મીઠું છે તે જ એ ભૂલી ગયો હતો એટલે એણે જેમ આવ્યું તેમ બોલી નાખ્યું.



હેવચકલીને હાથીનું નામ જોઈતું ન હતું. એ ધીરે રહીને મચ્છરની પાસે આવી અને બોલી: 'તેં શું કહ્યું ભાઈ? આ પવન એટલો બધો ફુંકાય છે કે તું બોલ્યો તે મારાથી સંભળાયું નહિ. જરા પાસે આવીને બોલે તો મને બરાબર સંભળાય.'

એ સાંભળી મચ્છર હેવચકલીની પાસે આવ્યો અને મોઢું ઉઘાડી બોલવા ગયો

'હાથીનું' પણ એ બોલે તે પહેલાં
હેવચકલીએ વીજળીની ઝડપે
મચ્છરની જીભ
ખેંચી કાઢી. મચ્છર
મૂંગો થઈ ગયો.
જીભ વિના શી રીતે
બોલાય ?




હેવચકલી સામે ફરિયાદ કરવા એ પ્રાણીઓની મહાસભામાં ગયો ને સિંહ પાસે જઈને બોલવા માંડ્યું પણ બોલે શી રીતે?

એના મોંઢામાંથી અવાજ નીકળ્યો:
'ગુન્ ગુન્ ગુન્ ગુન્.'

'આ શું કહે છે તે સમજાતું નથી.' સિંહે કહ્યું. 'જરા ચોકખું બોલ કે મને સમજ પડે.'

મચ્છર ફરીથી બોલ્યો: 'ગુન્ ગુન્ ગુન્.'

પ્રાણીઓની મહાસભા મચ્છરે આપેલા જવાબ-



થી વિચારમાં પડી ગઈ. એના કહેવાનો અર્થ શો? એ કઈ ભાષા બોલતો હતો?

'મચ્છર કહે છે તે હું સમજું છું.' દેવચકલી બોલી. 'એ કહે છે મેં દેશ-દેશનાં પ્રાણીઓનું લોહી ચાખ્યું છે અને તેમાં સૌથી વધારે મીઠું લોહી સાપનું છે.'

'ખોટી વાત! ખોટી વાત!' સાપે બૂમ મારી. 'મચ્છર કહે છે તે હું સમજું છું. એનો અર્થ એવો છે કે સૌથી મીઠું લોહી હાથીનું છે. જેને એ વાત કબૂલ ન હોય તે મારી સામે આવી જાય. હાથીભાઈ હારી ગયા છે માટે એમનું નાક ગુમાવે.'

એમ કહીને સાપ હાથીના નાકે વળગ્યો.

'સબૂર! સબૂર!' દેવચકલીએ રાડ પાડી.

'થોભો!' સિંહ બોલ્યો 'આ રીતે કૂદી ન પડાય. છેવટનો નિર્ણય મારે કરવાનો છે.'

પણ સાપે તો હાથીનું નાક પોતાનાં બે જડબાં વચ્ચે એટલા જોરથી જકડી રાખ્યું હતું કે એને છોડાવવાને અનેક પ્રાણીઓ કૂદી પડ્યાં અને એને ખેંચવા લાગ્યાં.

એક બાજુ હાથી ઊભો હતો. અડગ અને અણનમ. દરદની એને દરકાર ન હતી. હાથીનું નાક જડબામાં જકડીને સાપ લટકી રહ્યો હતો. એને અનેક પ્રાણી ખેંચતાં હતાં પણ સાપ છોડ્યો છૂટતો ન હતો.

આ રસાકસી પહેલાં પોપટની ચાંચ



જેવું નમણું હાથીનું નાક હતું તે ખેંચાઈને ત્રણ હાથ જેવડું લાંબુ થઈ ગયું. સાપ ખેંચાઈને ખૂબ પાતળો થઈ ગયો. છેવટે એનાં જડબાંમાંથી હાથીનું નાક છૂટી ગયું.

સાપને સજા કરવાનું મહાસભાએ નક્કી કર્યું. એનું વર્તન ઉધ્ધત હતું.

'એના ચારે પગ ખેંચી કાઢો.' સિંહે કહ્યું: 'ચોપગાંની નાતમાંથી એને કાઢી મૂકો.

તરત જ બધાં જનાવરો સાપ ઉપર તૂટી પડ્યાં. એમણે સાપના પગ ખેંચી કાઢ્યા.


તે દિવસથી સાપે પોતાના પગ ગુમાવ્યા.

પોતાના મિત્રનું નાક કદરૂપું થઈ ગયેલું જોઈ હેવચકલીની આંખમાં આંસુ આવ્યાં. એને છાની રાખતાં હાથીએ કહ્યું: 'તારે દિલગીર થવાની જરૂર નથી. મને બહારના ડોળ દમામ ને ભપકાની જરૂર નથી મારૂં નાક ભલે લાંબુ થયું. મારૂ મોઢું ઊંચું છે એટલે નાક મને ખાવામાં મદદ કરશે. પ્રભુ જે કરે છે તે સારાને માટે. રોવું બંધ કર અને તારૂં સંગીત સંભળાવ.'

હાથી ઊભો રહ્યો. ધીર અને ગંભીર.

હેવચકલી ગાવા લાગી.





# ઉંદરોની મહાસભા

'નાસ મારા બાપ !' કરીને ઉંદરોએ ચારે બાજુ દોડવા માંડ્યું. સૌને પોત પોતાના જીવની પડી હતી.

'મ્યાઉં' કરીને બિલાડી કૂદી પડી અને દૂમ દબાવીને દોડતા ઉંદરોમાંથી ચાર પાંચને પકડી લીધા. ઉંદરો તો ઘણાંયે તરફડીયાં મારે પણ બિલાડી શાની છોડે?

એ તો ભૂખી હતી તેથી પકડાયા હતા એટલા બધા ઉંદરોના કોળિયો કરી ગઈ.



આજુબાજુ દોડી ગયેલા ઉંદરોમાંથી સલામત ઠેકાણે સંતાયેલા ઉંદરોએ પોતાના જાતભાઈઓની નિર્દય કતલ થતી જોઈ. એમને બહુ દુ:ખ થયું, પણ શું થાય? બળિયા સામે બાથ કોણ ભીડે?

એમનામાં એક તરવરિયો હતો. એણે પોતાના દોસ્ત વલવલિયાને વાત કરી. બેઉ જણે ઉંદરોની મહાસભા બોલાવવાનું નક્કી



કર્યું અને તેને માટે ઘટતી તૈયારી કરવા માંડી.

એક ઘણી મોટી અને જૂની વખારમાં મહાસભા ભરવા ગોઠવણ કરી. સંકટ સમયે સંતાવા માટે એ વખારમાં સેંકડો સ્થાન હતાં.

ઠરાવેલે દિવસે ઉંદરોનાં ટોળેટોળાં એ સભામાં આવ્યાં. નાના, મોટા, જાડા, પાતળા,

કાળા, ધોળા, ભૂખરાં
એમ જાત જાતના ને
રંગરંગના ઉંદરોથી
વખાર ભરાઈ ગઈ.



વલવલિયાએ
એક મોટા પીપ પર
ઊભા થઈ મોટે અવાજે ભાષણ કરવા માંડ્યું:

'ભાઈઓ ને બ્હેનો! આપણી મહાસભા
આજે શા માટે મળી છે તે તમને ખબર છે.
આપણી જાતનો મોટામાં મોટો શત્રુ બિલાડી
નામનું ભયાનક પ્રાણી છે. આપણે આનંદે
ખાતાં પીતાં હોઈએ અને મઝા કરતાં હોઈએ
ત્યારે એ લપાઈ છૂપાઈને આપણા ઉપર તૂટી
પડે છે ને પોતાના કાતિલ પંજા વડે આપણો
સંહાર કરે છે: એ પ્રાણીના હુમલાથી શી રીતે



બચવું તેનો વિચાર કરવા આપણે આજે એકઠા થયા છીએ. આપણે એની સાથે સુલેહ કરીએ અને એને પોતાની વલણ ફેરવવા સમજાવીએ.'

એ સાંભળી સભાજનો એક બીજા સામે જોવા લાગ્યા.

'પણ ભાઈઓ!' એક ઉંદર બોલી ઊઠ્યો. 'એ દુષ્ટ પ્રાણી પોતાની વલણ ફેરવે એવું નથી. ઉંદરજાત એનો ખોરાક છે માટે એની સાથે સુલેહની આશા ફોકટ છે.'

'આપણે એ પ્રાણીને ગળે મોટો ઘંટ બાંધીએ કે જેથી એ લપાઈ છૂપાઈને આવી ન શકે.' વલવલિયો બોલ્યો. 'એને ગળે ઘંટ

બાંધેલો હશે, એટલે અવાજ સંભળાશે અને આપણે નાસીને સંતાઈ શકીશું.”

‘ભાઈ વલવલિયાની દરખાસ્ત લાખ રૂપિયાની છે.’ બીજાએ કહ્યું, સભાજનોએ એ સૂચના વધાવી લીધી અને ચારે બાજુ આનંદના પોકાર, તાળીઓના ગડગડાટ અને ચુંચુંનાદથી એ વિશાળ વખાર ગજાવી મૂકી.

બે ચાર જુવાન ઉંદરો એક મોટો ઘંટ લઈ આવ્યા અને સભાનો ઠરાવ તરત જ અમલમાં મૂકવાની સૂચના કરવામાં આવી.



ઠરાવ મઝાનો હતો પણ એને અમલમાં મૂકવાની મુશીબત હતી.

'આપણે હજારોની સંખ્યામાં એકઠા થયા છીએ. પાંચ જુવાન અને બહાદુર ઉંદરો આ કામ ઉપાડી લઈને આપણું નામ રાખશે.'

પણ કોઈ આગળ આવ્યું નહિ. સૌ કોઈ એક બીજાનું મોઢું જોવા લાગ્યું.

છેક છેવાડે જે ઉંદરો બેઠા હતા તે છાનામાના ચાલવા લાગ્યા.

ઘંટ લઈ આવનાર જુવાનોને મોટા ઉંદરોએ પાણી ચઢાવ્યું પણ એમણે જવાબ દીધો: 'અમારી હિંમત ચાલતી નથી.'

બિલાડીને ગળે ઘંટ બાંધવા જવા કોઈ ઉંદર તૈયાર થતો ન હતો. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ સભાસદો ઘટતા ગયા. થોડા વખતમાં




એ વિશાળ વખાર ખાલી થઈ ગઈ.

પેલો ઘંટ હજી એમનો એમ પડ્યો છે, ઉંદરોની મહાસભાનો ઠરાવ પણ હજી એમનો એમ પડ્યો છે, એનો અમલ કરવા જેટલી હિંમત કોઈપણ કેળવી શક્યો નથી.

ઠરાવને સૌ કોઈ તાળીથી વધાવે, એ રજૂ કરનારની વાહવાહ બોલાવે પણ એનો અમલ ન થાય તો એ બધું શા કામનું? અમલ કરનારની અભાવે આવો મઝાનો ઠરાવ હજી પડી રહ્યો છે.

બિલાડીને ગળે કયો ઉંદર ઘંટ બાંધશે?



## વરસની વહેંચણી


☆

'મહારાજ ! મારે તો ઘણું ઘણું કરવું છે ને તમે તો મને ટૂંકી શી જિંદગી આપી એમાં તો કાંઈયે ન થાય માટે લાંબો આવરદા આપો.'



માણસે સરજનહાર બ્રહ્મા પાસે માગણી કરી. બ્રહ્માએ આ સૃષ્ટિ રચતી વેળા વિધાતાની સલાહ લીધી હતી અને બેઉ જણે મળીને નક્કી કર્યું હતું કે સૌને સરખો આવરદા આપવો.


માણસ, પશુ, પંખી, જળચર, વનચર સૌ સરખાં. કોઈ વહાલું નહિ કે કોઈ અળખામણું નહિ. બેઉ જણ મળીને સૌનો આવરદા ચાળીસ વરસનો નક્કી કર્યો.



સરજદાર બ્રહ્માએ સૃષ્ટિ રચી. જાત જાતનાં ને ભાતભાતનાં પશુ પંખી, ઝાડપાન, ફળ ફૂલ, જળચર, વનચર ને ખેચર પ્રાણીઓ બનાવ્યાં. માણસ જાત પણ સરજી.

થોડી વાર થઈ ત્યાં તો પોતાના ટૂંકા જીવતર માટે ફરિયાદ કરતો માણસ બ્રહ્મા પાસે આવ્યો.

બ્રહ્માએ એની ફરિયાદ સાંભળી અને




જવાબ આપ્યોઃ 'અમે તો સૌને સરખી વહેંચણી કરી છે. તું જરા થોભ. વખતે કોઈ લાંબા આવરદાની ફરિયાદ કરતો આવશે તો એનાં વરસ તને આપીશ.'

એ સાંભળી માણસને સંતોષ થયો.

એટલામાં બળદ આવ્યો. એણે પોતાનું માથું નમાવીને અરજ ગુજારીઃ 'મહારાજ! ચાળીસ વરસ મને વધારે પડે છે. એટલી લાંબી જીંદગી ગધ્ધાવૈતરું કરીને કાઢતાં મને નવનેજાં થશે માટે મારાં વરસ ઘટાડો.'

'ભલે!' બ્રહ્માએ કહ્યું. 'તારાં વીસ વરસ ઓછાં કરીને માણસને આપું છું.'




એ સાંભળીને બળદ રાજી થયો ને બ્રહ્માનો આભાર માની એ ગયો.

માણસને વીસ વરસ વધારે મળ્યાં. એટલાથી એને સંતોષ થયો ન હતો. એને હજુ વધારે વરસ જોઈતાં હતાં, એટલે એ ઊભો રહ્યો.

થોડી વારે એક કૂતરો આવ્યો અને વિનંતિ કરી: 'મહારાજ! તાબેદારી કરીને મારે જિંદગી ગુજારવાની છે માટે મારાં વરસ ઓછાં કરો નહિતર ભસીભસીને મારું ડાચું દુઃખી જશે. મારે તો આટલી બધી લાંબી જિંદગી નથી જોઈતી.'

બ્રહ્માએ એનાં વીસ વરસ ઘટાડ્યાં. તે



ઉપરથી ગેલમાં આવીને ભસતો ભસતો દોડી ગયો.

એવામાં આવ્યો બગલો. એણે પણ અરજ ગુજારી: 'બાપજી! નદીમાં ખડે પગે ઊભા રહેતાં મારો આવરદા પણ નહિ ખૂટે. મારાં થોડાં વરસ ઓછાં કરો.'

બ્રહ્માએ એનાં વીસ વરસ ઘટાડ્યાં.' બગલો એ સાંભળી રાજી થઈને ઊડી ગયો.

માણસનો આવરદા સો વરસનો થયો.


પહેલાં ચાલીસ વરસમાં માણસે ખાધું, પીધું, ધંધો ધાપો કર્યો ને મોજમજાહ કરી.

પછીનાં વીસ વરસ બળદનાં આવ્યાં એમાં એને આખા કુટુંબનો ભાર ઉપાડવો

પડ્યો. સંસારની
ધુંસરી ઊપાડતાં
એની બિચારાની
ડોક રહી ગઈ.
જેમ તેમ કરતાં
સાઠ વરસ થયાં.
તે પછીના વીસ
વરસ કૂતરાનાં
આવ્યાં. ઘરડી
અવસ્થા થઈ.
છોકરાઓની વહુ-
વારૂના હાથમાં
કારભાર ગયો.
તેમનાં છૈયાં



છોકરાં એના ખોળો ખૂંદવા લાગ્યાં. અને
ખભે ચઢીને ચોટલી ખેંચવા લાગ્યાં. એ



બૂમ બરાડા પાડતો રહ્યો પણ કોઈએ એને દાદ આપી નહિ. આમ દુઃખે પાપે એંસી બરસ વીતી ગયાં.

છેલ્લાં વીસ વરસ આવ્યાં બગલાનાં. ચુંચી આંખો, બોખું મોઢું, સફેદ માથું અને લથડતું શરીર. સૌ કોઈ સતાવે. મોઢામાં દાંત

નહિ તે જે આવે તે બગલાની પેઠે ગળી જાય. આ રીતે એ સો વરસનો થયો.

વરસની વહેંચણીમાં પારકાનાં વરસ લઈને નાહકનો દુઃખી થયો એમ વિચાર કરતો કરતો એ મરણ પામ્યો.

લોભી માણસને બ્રહ્માએ વધારાનાં વરસ આપીને સુખી કર્યો કે દુઃખી તે કોણ કહી શકે!

